આણંદ જિલ્લામાં દિવાળીની ખરીદી પુરી થઇ ત્યારે તંત્રને જાહેરનામું બહાર પાડવાનું યાદ આવ્યું

આણંદ જિલ્લામાં ચાઈનીઝ તુક્કલ પર પ્રતિબંધ મુકાયો

આગ લાગવાના બનાવો ન બને તે માટે 5મી નવેમ્બર સુધી પ્રતિબંધ મુકાયો

(પ્રતિનિધિ) આણંદ તા.18

આણંદ જિલ્લામાં દિવાળીના સમયે આગ લાગવાના બનાવો ન બને તે માટે ચાઈનીઝ તુક્કલ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. દિવાળી, ઉતરાયણ તથા અન્ય તહેવારો દરમ્યાન રાત્રીના સમયે સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) પવન અથવા કોઈ વસ્તુ સાથે અથડાય છે ત્યારે તેમા આગ લાગે છે. આથી, આ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

આણંદ જિલ્લામાં સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડયા પછી ગમે તે સ્થળે પડી શકે છે, પરિણામે આગ લાગવાના પ્રસંગો નકારી શકાય નહી. મોટા ભાગે બાયોડેગ્રેડેબલ લખેલું હોય છે. પરંતુ આ પ્રકારના ચાઈનીઝ તુક્કલની ગુણવત્તા સારી હોતી નથી અને સસ્તા મીણના સોસલા તેમાં બળતણ તરીકે વપરાય છે. જે બાયોડેગ્રેડેબલ નથી તથા તે મોટી પર્યાવરણીય આપત્તી સર્જી શકે છે. ભુતકાળમાં ચાઈનીઝ તુક્કલને કારણે તહેવારો દરમ્યાન આગના બનાવો બનેલા હોવાથી તેના ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી હોય આ બાબતે જનજાગૃતિ કેળવવા માટે પ્રતિબંધાત્મક પગલા ભરવા જરૂરી હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી જળવાઈ રહે તે હેતુસર આણંદના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આર. એસ. દેસાઈ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામા મુજબ સસ્તા કાગળમાંથી બનેલા સ્કાય લેન્ટર્ન કે જેમાં મીણના ચોસલા બળતણ તરીકે વપરાય છે. તેવા તુકકલ તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી-વ્યકિત કે સંસ્થાએ ખરીદ, વેચાણ, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહી તથા આવા સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવા નહી. તદ્ઉપરાંત ચાઈનીઝ માંઝા/ નાયલોન/ પ્લાસ્ટીક દોરી, સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડિગ્રેબલ હોય તેવી દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા ત્યાં હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરવો નહીં તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી વ્યક્તિ કે સંસ્થાએ ખરીદ વેચાણ સંગ્રહ બક્ષિસ ભેટ કે ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જાહેરનામુ તા.૫ નવેમ્બર સુધી અમલમાં રહેશે તથા જે વ્યક્તિ તેનો ભંગ કરશે તે શિક્ષાને પાત્ર બનશે.

આણંદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સખી મંડળની બહેનો દ્વારા નિર્મિત વસ્તુ ખરીદી

આણંદ કલેક્ટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષપદે યોજાયેલી સંકલન સમિતિની બેઠકમાં સમિતિના અધિકારી તથા પદાધિકારીઓએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ' અભિયાનને સાર્થક કર્યું હતું. જિલ્લાના પદાધિકારીઓએ તથા જિલ્લાના અધિકારીઓએ સખી મંડળની બહેનો દ્વારા નિર્મિત ચીજ વસ્તુઓના હોંશે હોંશે ખરીદી કરી હતી.જેના થકી સ્વદેશી બનાવટની ચીજ વસ્તુઓ વેચાણને પ્રોત્સાહન મળી રહે તેવા શુભ આશયથી તથા જિલ્લા નાગરિકોને પણ અનોખો સંદેશ મળી રહ્યો હતો. જેમાં જિલ્લા પંચાયત ખાતેના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મિશન મંગલમમાં રજીસ્ટર્ડ થયેલી સખી મંડળની બહેનો દ્વારા ભરત ગૂંથેલ સાલ તથા માટીના દીવડા, કોડીયા સહિત દિવાળીના તહેવાર અનુલક્ષીને પાંચ સ્ટોલ ઉભા કરવામાં આવ્યાં હતાં.

આણંદ તોલમાપ વિભાગ દસને દંડ કરી પોરસાયું!

દિવાળીના તહેવાર દરમ્યાન 31 વેપારીને ત્યાં ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી

(પ્રતિનિધિ) આણંદ તા.18

આણંદ જિલ્લામાં લાંબા સમયથી સુષુપ્ત અવસ્થામાં રહેલું તોલમાપ વિભાગ અચાનક જાગ્યું હતું અને દિવાળીની ઘરાકી વચ્ચે વેપારી પાસે પહોંચી તપાસ હાથ ધરી હતી. જોકે, આ કાર્યવાહીથી વેપારીમાં અસંતોષ ફેલાયો હતો. બીજી તરફ તોલમાપ વિભાગે કાગળ પર કાર્યવાહી કરવા માટે 10 વેપારીને દંડ કર્યો હતો.

આણંદના મદદનીશ નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા દિપાવલી તહેવાર ઝુબેશ દરમિયાન આણંદ જિલ્લાના આશરે 31 વેપારી એકમોની ઓચિંતી મુલાકાત લઈ 10 વેપારીઓ સામે ધી લિગલ મેટ્રોલોજી એક્ટ-2009ના ભંગ સબબ કાયદેસરની કાર્યવાહી કરી કુલ રૂપિયા ૩૦ હજાર જેટલી દંડનિય કાર્યવાહી કરવામાં આવી છે. આણંદ તોલમાપ વિભાગ દ્વારા વજનમાં ઓછું આપવું, વજનમાપ સાધનો ચકાસણી-મુદ્રાંકન નહી કરાવવા, પૈકીંગ ઉપર છાપેલ કિંમતમાં ચેક-ચાક કરવી તથા પેકીંગ આઈટમો માટે જરૂરી નોંધણી નહી કરાવવી, પેકીંગમાં સામાન વેચતા વેપારીઓ દ્વારા વજન કાંટો નહી રાખવો તથા ઈલેક્ટ્રોનિક વજન-કાંટો રાખતા વેપારીઓ દ્વારા ગ્રાહકોને ટેસ્ટીંગ માટે જરૂરી ટેસ્ટીંગ વજન નહી રાખવા જેવા ગુના સબબ કાર્યવાહી કરી હતી. આ કાર્યવાહીથી વેપારીઓમાં ભારે રોષની લાગણી જન્મી હતી. વર્ષભર એસી કેબીનમાં બેસી રહેતા અધિકારીઓને તહેવાર ટાણે કામગીરી સુઝી હતી.

ખેડા જિલ્લામાં હોટલ વિભાગ પર પુરતી તપાસ ન થતાં ખુલ્લો દોર મળ્યો

નડિયાદની 'વુડલેન્ડ્સ' હોટલના રસોડામાં ગંદકી દેખાતા દંડ

ગ્રાહકના જમવામાંથી કાંકરો નીકળતા તંત્ર દોડતું થયું

કિચન વિસ્તારમાં ગંદકી જણાતા પાંચ હજારનો દંડ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.18

નડિયાદ શહેરની ખૂબ મોટું નામ ધરાવતી વુડલેન હોટલમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગ અને નડિયાદ કોર્પોરેશન દ્વારા સંયુક્ત ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. હોટલમાં જમવા આવેલા એક ગ્રાહકના જમવાના ભોજનમાંથી કાંકરો નીકળતા ગ્રાહકે તાત્કાલિક આ અંગે ફૂડ વિભાગને જાણ કરી હતી. ગ્રાહકની ફરિયાદના પગલે તંત્ર સફાળું જાગ્યું હતું અને તાત્કાલિક હોટલમાં ચેકિંગની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

આ અંગે ગ્રાહક દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધારે નડિયાદ કોર્પોરેશન અને ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમ તાત્કાલિક વુડલેન્ડ્સ હોટલ ખાતે પહોંચી હતી અને સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા હોટલના કિચનમાં ઉપયોગમાં લેવાતા વિવિધ ખાદ્ય પદાર્થોના નમૂના લેવામાં આવ્યા હતા જેને પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવશે. આ નમૂનાનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત, કોર્પોરેશનની ટીમે હોટલના કિચન વિસ્તારનું ચેકિંગ કરતા કિચનની બહારની બાજુએ ગંદકી જોવા મળી હતી, જે જાહેર આરોગ્યના નિયમોનું ઉલ્લંઘન સૂચવે છે. ગંદકીના ગંભીર મુદ્દાને ધ્યાનમાં રાખીને નડિયાદ કોર્પોરેશન દ્વારા હોટલને સ્થળ પર જ 5000 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. પ્રતિષ્ઠિત હોટલમાં ગ્રાહકના જમવામાંથી કાંકરો નીકળવાની ઘટના અને કિચન વિસ્તારમાં જોવા મળેલી ગંદકીના કારણે ફૂડ સેફ્ટીના મામલે હોટલની બેદરકારી સામે આવી છે.

પેટલાદમાં બોલેરો ને બસ વચ્ચે અકસ્માત : 1નું મોત

વડદલા બ્રિજ પર ખોટકાઇને ઉભેલી પીકઅપ સાથે ખાનગી બસ અથડાઇ

(પ્રતિનિધિ) પેટલાદ તા.18

તારાપુર - વાસદ હાઈવે પરના વડદલા બ્રિજ પર રોડ પર ખોટકાઈને ઉભેલી પીકઅપ બોલેરો સાથે લકઝરી અથડાઈ હતી. આ અકસ્માતને પગલે ક્લિનરનું મોત નિપજ્યું હતું.

દ્વારકા ઓખાના રહેવાસી અખ્તરરજા અકબર સમા પીકઅપ બોલેરે મેકસના ડ્રાઈવર તરીકે કામ કરે છે. તેઓ 16મી ઓક્ટોબરના રોજ દ્વારકાથી સુરત બોલેરે પીકઅપ લઈને કલીનર સાથે નીકળ્યાં હતા. તેઓ રાત્રિના બારેક વાગ્યાની આસપાસ તારાપુર વાસદ હાઈવે પર વડદલા બ્રિજ પર પહોચતા બોલેરોના પાછળના ભાગે એકસેલ તુટી જતા પાછળ જમણી સાઈડનું ટાયર નીકળી ગયુ હતુ. આથી, પીકઅપ થોભાવી પાર્કીંગ ઈન્ડીકેટર ચાલુ કરી પાછળના ભાગે રિફ્લેકટર મુકી ટોઈંગ વાનને બોલાવી હતી. બાદમાં ડ્રાઈવર અખ્તરરજા અને કન્ડેકટર રોડની સાઈડમાં ટોઈંગ વાનની રાહ જોતાં હતાં દરમિયાનમાં પુરપાટ ઝડપે ધસી આવી લકઝરી ચાલકે બોલેરે પીકઅપ સાથે અથડાવી ધડાકાભેર અકસ્માત કર્યો હતો. જેને લઈને લકઝરી રોડની છેલ્લી લેનના ડિવાડર સાથે અથડાઈ હતી. જેમાં લકઝરીના કલીનરનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે મુસાફરોને પણ ઈજા પહોંચી હતી.

આ અંગે અખ્તરરજા અકબર સમાએ લકઝરી જીજે05સીવાય0004 ના ચાલક સામે પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

ખંભાતના ખોડિયાર મંદિરમાં ₹4.76 લાખની મતા ચોરાઇ

તસ્કરો માતાજીના સોના - ચાંદીના ઘરેણાં અને રોકડ ઉઠાવી ગયાં

(પ્રતિનિધિ) ખંભાત તા.18

ખંભાત મોટી ભાગોળમાં તળાવના કિનારે આવેલ ખોડિયાર મંદિરેથી માતાના સોના ચાંદીના આભુષણો અને રોકડ ચોરી થઇ હતી. જેમા તસ્કરો કુલ રૂ.476680- ની મત્તા ચોરી રફુચકકર થઇ ગયા હતા. જે અંગે ખંભાત રૂરલ પોલીસે ફરીયાદ નોંધી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર, ખંભાત શહેરના મોટી ભાગોળ ખાતે તળાવના કિનારે 11 વર્ષ જુનુ ખોડિયાર માતાજીનું મંદિર આવેલું છે. આ મંદિરમાં ભાવિક ભકતોએ આસ્થા રૂપે સોના ચાંદીની ભેટ સોગાદો માતાજીને ચઢાવી હતી. જે સોના-ચાંદીના ઘરેણા માતાજીની મુર્તી પર આભુષણ સ્વરૂપે પહેરાવવામાં આવતા હતા. પરંતુ કોઇ ચોરચકકાએ મંદિર પરિસર પર ચોરીના ઈરાદે કાળી નજર લગાવી હતી. 17મી ઓક્ટોબરના રોજ ગામમાં રહેતા પૂજારી ભરતભાઇ અંબાલાલ પટેલ મંદિરની સેવા પૂજા પતાવી ઘરે ગયા હતા. જો કે બીજા દિવસે સવારે છએક વાગે મંદિર ખોલવા જતા મુખ્ય દરવાજાનું લોખંડનું તાળુ તુટેલુ જોઇને જ પૂજારીને તસ્કરી થઇ હોવાનું સ્પષ્ટ થઇ ગયુ હતુ. જેથી તેઓ મંદિરના અન્ય દરવાજાઓ તપાસવા જતા ત્યાં જાળી અને દરવાજાના તાળાઓ તોડી નાખવામાં આવ્યાં હતા.તસ્કરોએ માતાજીના ઘરેણાઓ ચાંદીનો મુગટ,સોનાનો ટીકો,સોનાના કુંડળ,માતાજીના કપાળ પરનો સોનાનો પટ્ટો સોનાની આંખની પાપણો, સોનાનું નાક ,સોનાની નથણી,સોનાના હાર,ચાંદીના ઝુંમર,ચાંદીની પાદુકા,સહિત 10.275 ગ્રામ સોનુ જેની કિમંત રૂ.398000-ચાંદીની વસ્તુઓ 650 ગ્રામ રૂ.63680-તેમજ દાનપેટીમાંથી રૂ,15000- ની રોકડ તફડાવી ગયા હતા.જેમા તસ્કરો કુલ રૂ.476680- ની મત્તાની ચોરી કરી રફુચકકર થઇ ગયા હતા..જે અંગે મંદિરના પૂજારી ભરતભાઇ અંબાલાલ પટેલે અજાણ્યા ચોર ઇસમો સામે ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

આંકલાવમાં માનસિક અસ્થિર યુવતીપર દૂષ્કર્મ

પરણિતાની માનસીક બિમારીનો ફાયદો ઉઠાવી હેવાને દુષ્કર્મ આચર્યુ

(પ્રતિનિધિ) આંકલાવ તા.18

આંકલાવના આસરમા ગામમાં રહેતા શખ્સે પરણિતાની માનસિક અસ્થિરતાનો ફાયદો ઉઠાવી દુષ્કર્મ ગુજાર્યુ હતું. આ અંગે આંકલાવ પોલીસે ફરિયાદ નોંધી હતી.

આંકલાવ તાલુકાના આસરમા ગામમાં રહેતા શખ્સે પરણિતાની માનસિક પરિસ્થિતીનો ગેરફાયદો ઉઠાવી દુષ્કર્મની હેવાનિયત આચરી હતી. આ પરણિતા માનસિક અશક્ત હોવાથી તા.15-10-25 ના રોજ પ્રકાશભાઇ અંબાલાલ પરમાર નામનો શખસ પરણિતાને લલચાવી ફોસલાવી મોટરસાયકલ પર બેસાડીને અનગઢ ગામે લઇ ગયો હતો. જયા પરિણતા સાથે મારપીટ કરી તેને ઈજા પહોચાડી હેવાને મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યુ હતુ. તે સાથે પરણિતાને આ બાબત કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ તેમ કહી ધમકાવી હતી. જે અંગે ભોગ બનનાર મહિલાના પતિએ પ્રકાશભાઇ અંબાલાલ પરમાર વિરુદ્ધ આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી તપાસની માગણી ઉચ્ચારી હતી.

આણંદ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી દૂષ્કર્મના કિસ્સા વધ્યા છે. આ અંગે સમાજમાં જાગૃતિ ફેલાવવા માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. આ ઉપરાંત પોલીસ દ્વારા કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે. આમ છતાં હવસખોરોમાં કોઇ ડર જોવા મળી રહ્યો નથી.

ફાગવેલમાં સમપુરા (સો)નો સમાવેશ ન કરવા માંગણી

સમપુરા (સોરણા) ના ગ્રામજનો દ્વારા કપડવંજ તાલુકામાં રાખવા આવેદનપત્ર સુપરત કરાયું

(પ્રતિનિધિ) કપડવંજ તા.18

કપડવંજ અને કઠલાલના ગામડાંમાંથી બનેલા ફાગવેલ તાલુકામાં સમાવેશ સમપુરા (સોરણા)ના ગ્રામજનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. આ અંગે આવેદનપત્ર આપી કપડવંજ માં રાખવા માગણી કરી હતી.

ફાગવેલ તાલુકાના સોરણા ગામના સુરેશભાઈ ઝાલા, અરવિંદભાઈ, પ્રકાશભાઈ, દિલીપભાઈ, રમણભાઈ, છત્રસિંહ, બાબુભાઇ તથા ગામના યુવાનો વડીલોએ કલેકટરને આવેદનપત્ર આપતા જણાવ્યું હતું કે, રામપુરા (સોરણા) ગામ કપડવંજ શહેરની હદને અડીને આવેલું છે. જ્યારે નવીન ફાગવેલ તાલુકા મથક 23 કિલોમીટર સુધી પહોંચવું લાંબુ અને અસુવિધામય છે. ભવિષ્યમાં નગરપાલિકનું વિસ્તરણ કરવામાં આવે તો પણ રામપુરા (સોરણા) પંચાયતનો તેમાં સમાવેશ અંગે વિચારણા થઈ શકે તેટલું નજીક છે. હાલ તમામ સરકારી કચેરીઓ પોલીસ સ્ટેશન, આરોગ્ય કેન્દ્રો તથા શિક્ષણ સંસ્થાઓ કપડવંજમાં છે. ગામના નાગરીકો રોજિંદા કામકાજ માટે ત્યાં જ આધારીત છે. ગામનો વેપાર, કૃષી બજાર, રોજગાર અને પારીવારીક સબંધો કપડવંજ સાથે ગાઢ રીતે જોડાયેલા છે. આથી, નવીન તાલુકા તરફ કોઈ પ્રાકૃતીક કે સામાજિક સબંધ નથી. તાલુકો બદલવાથી નાગરીકને વધારાનો ખર્ચ, મુસાફરીમાં મુશ્કેલી અને સરકારી સેવા મેળવવામાં વિલંબ થશે.જેથી ન્યાય આપવા માગણી કરી હતી.

ટ્રાફિક અવેરનેસ માટે બાળકે યમરાજની વેશભૂષા ધારણ કરી !

વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અપીલ કરી

(પ્રતિનિધિ) કપડવંજ તા.14

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં દિવાળીનો માહોલ જામ્યો છે, લોકો ખરીદી કરવા ભાગદોડ કરતા જોવ મળે છે. જોકે, આ દરમિયાન નાના - મોટા અકસ્માત સર્જાતાં રહે છે. આથી, અકસ્માત નિવારવા અને ટ્રાફિક અવરનેસ આવે તે માટે કપડવંજના બાળકોએ યમરાજાની વેશભૂષા ધારણ કરી લોકોને નિયમો સમજાવ્યાં હતાં.

કપડવંજમાં વાહન ચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા નાનકડાના ભૂલકાએ ટ્રાફિક પોલીસની સાથે રહીને પહેલ કરી લોકોના દિલ જીતી લીધા હતા.અને વાહન ચાલકોએ તેના આ પ્રયાસને વધાવી લઈને ટ્રાફિકના નિયમોનું પાલન કરશે તેવી ખાત્રી પણ આપી હતી.

કપડવંજ નગરની ટાઉનહોલ ચોકડી ખાતે પાંચ વર્ષીય નિવાના જોષીએ યમરાજાની વેશભૂષા કરી ટ્રાફિક નિયમોના પાલન માટે રસ્તા ઉપર ઉતરી આવ્યો હતો. ટ્વિચકી વાહન ચાલકોને હેલ્મેટ પહેરવા તથા કાર ચાલકોને સીટ બેલ્ટ પહેરવા સુચનો કર્યા હતા.આમ છતાં પણ જો નિયમોનું પાલન નહીં કરવામાં આવે તો યમરાજા તમને લઈ જશે તેવા સુર સાથે લોકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અનુરોધ કર્યો હતો.ટ્રાફિક નિયમોના પાલન સમયે ઉપસ્થિત પાલિકા પ્રમુખ વર્ષા પંચાલ તથા પૂર્વ પ્રમુખ ગોપાલ શાહ, રચના સોની,સીમા ભાનુશાળી, જીગીશા પરમાર સહિતના નગરજનોએ તેની પહેલને વધાવી લીધી હતી.

તસવીરઃ હરિશ જોષી

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225